# ચોરીની દવા



કાઠિયાવાડના એક મોટા શહેરમાં ભટ્ટજી રહે. ભટ્ટજી નાનપણમાં તો બહુ ગરીબ, પણ મોટા થયા ત્યારે રાજ્યમાં રાજવૈદ થયા અને પૈસેટકે સારી રીતે સુખી થયા.
ભટ્ટજી એક વાર રાજદરબારમાંથી ઘેર આવ્યા.ડેલીએ આવીને બારણું ઉઘાડે છે ત્યાં એક આદમી ફળીમાં તડકે મૂકેલા ઘઉંને પોતાની કોથળીમાં ભરતો જાય અને વચ્ચે વચ્ચે ચારે બાજુ નજર નાખતો જાય. ભટ્ટજી આ જોઈને છાનામાના ડેલીમાં લપાઈ ગયા અને પેલો આદમી  ઘઉંનો કોથળો તથા મોટી થાળી પડી હતી તે હાથમાં લીધાં,ઘરમાંથી છાલિયું પણ લીધું અને ડેલી બહાર નીકળ્યો.

પેલો આદમી શહેરના રસ્તા પર નિરાંતે ચાલ્યો જતો હતો.ભટ્ટજી તેની આગળ થઈ ગયા અને સામે આવીને બોલ્યા : ‘ભલા માણસ,એકલા ઘઉં લઈને શું નીકળ્યો ? લે આ વધારાના ઘણું તથા જમવા માટે આ થાળી અને વાટકો.’

ભટ્ટજીનાં આવાંવચનો સાંભળીને પેલો આદમી ભોંઠો પડી ગયો અને હવે મારું શું થશે તેની ચિંતામાં પડયો પણ ભટ્ટજી તો થાળી, વાટકો તથા ઘઉં તેની પાસે મૂકીને રસ્તે પડી ગયા.

પાછળથી થોડી વારે પેલો આદમી ભટ્ટજીને ઘેર આવ્યો,તેમના દવાખાનામાં નોકર રહ્યો અને જિંદગીભર એક પ્રમાણિક સેવક તરીકે ભટ્ટજીના કુટુંબમાં રહ્યો.

ચરક-સુશ્રુતની પોથીઓ ઉથલાવનારા અને દેશી દવાનાં પડીકાં વાળનારા ભટ્ટજીએ ચોરીની દવા કરી અને દરદી સાજો થયો.

લેખક: નાના ભાઈ ભટ્ટ